



# રઘુવંશી સમાજ માટે ગુજરાત સરકારશ્રી દ્વારા શિક્ષણ,આરોગ્ય માટે આપવામાં આવતી યોજનાકીય સહાયોની માહિતી

## સૌરાષ્ટ્ર ઝોન -૨ (જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર)

## એજ્યુકેશન સમિતિ દ્વારા પ્રસ્તુત



શ્રી અરવિંદભાઈ પાબારી
ઝોનલ પ્રેસીડેન્ટ
સૌરાષ્ટ્ર ઝોન – ૨



શ્રી રમેશભાઈ દત્તાણી
ઝોનલ સેક્રેટરી
સૌરાષ્ટ્ર ઝોન – ૨



શ્રી જીતુભાઈ લાલ
ઉપ-પ્રમુખશ્રી
શ્રી લોહાણા મહાપરિષદ
તેમજ
(અગ્રણી ઉદ્યોગપતિ)



શ્રી સતીષભાઈ વિઠલાણી
પ્રમુખશ્રી
શ્રી લોહાણા મહાપરિષદ
તેમજ
(અગ્રણી ઉદ્યોગપતિ)




શ્રી નીશીલ એમ કાનાણી
રીજનલ કન્વીનર
પ્રાયમરી,સેકન્ડરી અને હાયર સેકન્ડરી
એજ્યુકેશન સમિતિ સૌરાષ્ટ્ર ઝોન–૨
E-mail nishilkanani@gmail.com



# રઘુવંશી સમાજ માટે ગુજરાત સરકારશ્રી દ્વારા શિક્ષણ માટે આપવામાં આવતી યોજનાકીય સહાયોની માહિતી

# વહાલી દીકરી યોજના

- ઉક્ત યોજના માં દીકરીનો જન્મ ૦૧/૦૮/૨૦૧૯ પછી થયો છે તેને લાભ મળવાપાત્ર છે તેમજ કુલ ૨ દીકરી સુધી જેમને ઉક્ત સમય બાદ જન્મ હોય તેમના માટે આ લાગુ પડશે તેમજ જન્મ ના ૧ વર્ષ ની અંદર અરજી કરવાની રહેશે.

- પાત્રતા :- આવક મર્યાદા ૦૨.૦૦ લાખ સુધીની
- મળતી સહાય : પ્રથમ ધોરણ માં પ્રવેશ વખતે ૪,૦૦૦/-

  નવમાં ધોરણ માં પ્રવેશ વખતે ૬૦૦૦/-

  ૧૮ વર્ષ ની ઉમરે ઉચ્ચ શિક્ષણ / લગ્ન વખતે ૧,૦૦,૦૦૦/-

- જરૂરી ડોક્યુમેન્ટ :- આધાર કાર્ડ (વિદ્યાર્થી / વાલીનું ), આવકનો દાખલો, જાતિનો દાખલો,બેન્કની પાસબુક (વિદ્યાર્થી / વાલીનું ), વિદ્યાર્થીનો ફોટો, વિદ્યાર્થીનો જન્મ તારીખનો દાખલો.

- વધુ માહિતી માટે :- www.digitalgujarat.gov.in પર માહિતી મેળવી શકાય છે તેમજ અરજી આપ આપના નજીકના આંગણવાડી કેન્દ્રમાં પણ કરી શકશો

# Right to Education હેઠળ ધોરણ ૧ માં એડમીશન મેળવવા માટે

ગુજરાત સરકારશ્રી દ્વારા Right to Education હેઠળ જે બાળકોના વાલી ની આવક ૧,૨૦,૦૦૦/– કરતા ઓછી છે તેમને RTE હેઠળ એડમીશન મળે છે.

- **RTE હેઠળ એડમિશનની પ્રક્રિયા**

ધોરણ ૧ માં જેમનું એડમિશન કરવાનું હોય તેમને ધોરણ ૧ થી ૮ સુધી કોઈ પણ જાતની એડમિશન ફી ભરવી પડતી નથી તેમજ તેમને દર વર્ષે ૩,૦૦૦/– જેવી રકમ ની પણ સહાય મળવા પાત્ર છે.

પાત્રતા :– શહેરી વિસ્તારમાં (આવક મર્યાદા –૧,૫૦,૦૦૦)
ગ્રામ્ય વિસ્તારમાં (આવક મર્યાદા –૧,૨૦,૦૦૦)

જરૂરી ડોક્યુમેન્ટ :– આધાર કાર્ડ (વિદ્યાર્થી / વાલીનું ), આવકનો દાખલો, જાતિનો દાખલો,બેન્કની પાસબુક (વિદ્યાર્થી / વાલીનું ), વિદ્યાર્થીનો ફોટો, વિદ્યાર્થીનો જન્મ તારીખનો દાખલો.

**Online Web Site :** https://rte.orpgujarat.com/ પર જયારે આપનું બાળક ૬ વર્ષ નું થાય અને નવું શેક્ષણિક વર્ષ ચાલુ થાય ત્યારે નિયત સમય મર્યાદા માં અરજી કરી શકાય છે.

# ગુજરાત સરકાર અને શિક્ષણ વિભાગની સરહાનીય પહેલ.................
# 📌નમો લક્ષ્મી યોજના📌

## થોડું આ યોજનાના લાભ વિશે જાણો....

- ધોરણ 9 થી 12 માં અભ્યાસ કરતી રાજ્યની તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળવા પાત્ર છે.
- આપની દીકરીને અન્ય કોઈપણ પ્રકારની શિષ્યવૃત્તિ મળતી હશે તો પણ આ યોજનાનો લાભ મળવા પાત્ર છે
- ધોરણ 9 થી 12 એમ ચાર વર્ષ દરમિયાન કુલ 50,000 રૂપિયા જેવી માતબર રકમ શિષ્યવૃતિ પેટે આપની દીકરીના મમ્મીના ખાતામાં જમા થશે જુન 2024 થી જ આ યોજનાનો લાભ મળવા પાત્ર છે દર મહિને નિશ્ચિત થયેલી રકમ દીકરીની માતાના ખાતામાં જમા થશે

- આપની દીકરીએ જો ગુજરાત રાજ્યની કોઈપણ સરકારી કે ગ્રાન્ટેડ કે  શાળામાં ધોરણ એક થી આઠ અભ્યાસ કરેલો હોય અથવા નોન ગ્રાન્ટેડ શાળામાં આરટીઈ અંતર્ગત પ્રવેશ મેળવેલ હોય અને ધોરણ 1 થી 8 નો અભ્યાસ કરેલો હોય અને હાલ ધોરણ નવ માં અભ્યાસ કરતી હોય તો આવકના દાખલા ની જરૂરિયાત નથી

- જો આપની દીકરીએ ધોરણ 1 થી 8 નોન ગ્રાન્ટેડ/સેલ સેલ્ફ ફાઈનાન્સ શાળામાં અભ્યાસ કરેલો હોય તો છ લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક મર્યાદા નક્કી કરવામાં આવેલ છેઆ યોજનાનો લાભ લેવો.

### જરૂરી આધારો......

- ❑ દીકરીનું ધોરણ 8 નું લિવિંગ સર્ટિફિકેટ અથવા જન્મનું પ્રમાણપત્ર તથા દીકરીનું આધારકાર્ડ
- ❑ દીકરીની માતાના આધાર કાર્ડ ની ઝેરોક્ષ નકલ તેમજ
- ❑ દીકરીની માતાના બેન્ક એકાઉન્ટ પાસબુકની પ્રથમ પાનાની ઝેરોક્ષ નકલ અથવા કેન્સલ ચેક
- ❑ અત્રે જન ધન યોજના અંતર્ગત ખોલાવેલ બેન્ક એકાઉન્ટ પણ માન્ય રહેશે
- ❑ આપની દીકરીએ ધોરણ 1 થી 8 માં સેલ્ફ ફાઈનાન્સ શાળામાં અભ્યાસ કરેલો હોય તો દીકરીના વાલીની/કુટુંબની તમામ સાધનોની મળીને વાર્ષિક આવક રૂપિયા 6 લાખથી વધારે ન હોવી જોઈએ

# ગુજરાત સરકાર અને શિક્ષણ વિભાગની સરહાનીય પહેલ.................

# 📌નમો સરસ્વતી યોજના 📌

## થોડું આ યોજનાના લાભ વિશે જાણો....

- ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી રાજ્યની તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળવા પાત્ર છે.
- આપની દીકરીને અન્ય કોઈપણ પ્રકારની શિષ્યવૃત્તિ મળતી હશે તો પણ આ યોજનાનો લાભ મળવા પાત્ર છે
- ધોરણ ૧૧ થી ૧૨ એમ વર્ષ દરમિયાન કુલ ૨૫,૦૦૦/– રૂપિયા જેવી માતબર રકમ શિષ્યવૃતિ પેટે આપની દીકરીના ખાતામાં જમા થશે જુન 2024 થી જ આ યોજનાનો લાભ મળવા પાત્ર છે દર મહિને નિશ્ચિત થયેલી રકમ દીકરીની માતાના ખાતામાં જમા થશે
- જો આપની દીકરીએ ધોરણ 1 થી 8 નોન ગ્રાન્ટેડ/સેલ સેલ્ફ ફાઈનાન્સ શાળામાં અભ્યાસ કરેલો હોય તો છ લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક મર્યાદા નક્કી કરવામાં આવેલ છેઆ યોજનાનો લાભ લેવો.

જરૂરી આધારો......

- દીકરીનું ધોરણ ૧૦ નું લિવિંગ સર્ટિફિકેટ અથવા જન્મનું પ્રમાણપત્ર તથા દીકરીનું આધારકાર્ડ
- દીકરીની માતાના આધાર કાર્ડ ની ઝેરોક્ષ નકલ તેમજ
- દીકરીની માતાના બેન્ક એકાઉન્ટ પાસબુકની પ્રથમ પાનાની ઝેરોક્ષ નકલ અથવા કેન્સલ ચેક
- જન ધન યોજના અંતર્ગત ખોલાવેલ બેન્ક એકાઉન્ટ પણ માન્ય રહેશે
- આપની દીકરીએ ધોરણ 1 થી 8 માં સેલ્ફ ફાઈનાન્સ શાળામાં અભ્યાસ કરેલો હોય તો દીકરીના વાલીની/કુટુંબની તમામ સાધનોની મળીને વાર્ષિક આવક રૂપિયા 6 લાખથી વધારે ન હોવી જોઈએ

# ગુજરાત સરકારશ્રી દ્વારા શિક્ષણ બાબતે આપવામાં આવતી યોજનાઓની માહિતી (MYSY- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના)

| ક્રમ | યોજના નું નમ | મળતી સ્કોલરશીપની રકમ વિદ્યાર્થીનીઓ માટે | મળતી સ્કોલરશીપની રકમ વિદ્યાર્થીઓ માટે |
|---|---|---|---|
| ૧ | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ **MBBS, Engineering,Dental, Paramedical, Nursing, Ayurveda, Homeopethy** આ તમામ કોર્ષમાં ૮૦% **Percentile** થી ઉપર હોય તો તેમને આ લાભ મળે છે | ૮ લાખ સુધી | ૨ લાખની મર્યાદામાં |
| ૨ | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ **B.com, BA,B.C.A, BBA,** આ તમામ કોર્ષમાં ૮૦% **Percentile** થી ઉપર હોય તો તેમને આ લાભ મળે છે | કુલ જેટલી ફી હોય તે મળવાપત્ર | ૧૦,૦૦૦/– ની મર્યાદામાં |
| ૩ | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ધોરણ ૧૦ બાદ ડીપ્લોમાં ના વિદ્યાર્થીઓને મળતી સ્કોલરશીપ | કુલ જેટલી ફી હોય તે મળવાપત્ર | ૨૦,૦૦૦/– ની મર્યાદામાં |

- ઉક્ત યોજનાઓમાં દીકરીઓ માટે કન્યા કેળવણી અંતર્ગત ૮૦% ઉપર જેમના **PERCENTILE** હોય એમની ૧૦૦ % ફી ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવે છે.
- ઉક્ત યોજનામાં દીકરાઓ ને ફી ના ૫૦ % અથવા તો વધુ માં વધુ ૨,૫૦,૦૦૦/– સુધી ની સહાય મળવાપાત્ર છે.
- ઉક્ત લાભ મેળવવા માટે નીચે આપેલ વેબ સાઈટ માં ઓન– લાઈન અરજી કરવી તેમજ ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરાવવું ખુબ જ જરૂરી છે.
- વધુ માહિતી માટે આપ સર્વે **HTTPS://MYSY.GUJ.NIC.IN/** પર સંપૂર્ણ માહિતી મેળવી શક્સો તેમજ તેના હેલ્પ લાઈન નંબર : ૭૦૪૩૩૩૩૧૮૧ પર ઓફીસના કાર્ય દરમિયાન ૧૦.૩૦ થી ૦૬.૦૦ સુધી ફોન કરી શક્સો

# ગુજરાત સરકારશ્રી દ્વારા શિક્ષણ બાબતે બિન અનામત આયોગ દ્વારા આપવામાં આવતી લોન , ફૂડ બીલ તેમજ વિદેશ અભ્યાસ માટે ની લોન બાબતની યોજનાઓની માહિતી

| ક્રમ | યોજના નું નમ | મળતા લાભોની માહિતી |
|---|---|---|
| ૧ | બિન અનામત આયોગ હેઠળ<br>૪% વાર્ષિક વ્યાજ સાથે ની લોન<br>(ધોરણ ૧૨ માં ૬૦% કે તેથી વધુ હોય તેમજ વાર્ષિક આવક ૬ લાખ એ સુધી હોય તેમને મળવાપાત્ર | ઈજનેરી, ટેકનોલોજી,ફાર્મસી, આર્કિટેકચર, આર્યુવેદિક, હોમીયોપેથી, ફિઝીયોથેરાપી, વેટરનરી વગેરે સ્વનિર્ભર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો,નર્સિંગ (સ્નાતકકક્ષા) નાં વગેરે અભ્યાસક્રમો માટે<br>(હાયર એજ્યુકેશન જેવા કે બીબીએ,બીકોમ,બીએસી,બીએ વગેરે સિવાય,)<br>સમગ્ર અભ્યાસક્રમની કુલ ટયુશન ફી અથવા રૂ.૧૦.૦૦ લાખ તે બે પૈકી જે ઓછું હોય<br>તે પ્રમાણેની લૉન ૪ ટકાના સાદા વ્યાજે નિગમ તરફથી આપવામાં આવશે.<br>વધુ માહિતી માટે www.gueedc.gujarat.gov.in પરથી માહિતી મેળવી શકાશે તેમજ આ બાબતે સમાજ કલ્યાણ અધિકારીશ્રી ની કચેરી વિકસતી જાતિ ની ઓફિસેથી પણ વધુ માહિતી મેળવી શકશો. |
| ૨ | બિન અનામત આયોગ હેઠળ વિદેશ અભ્યાસ માટે ૪% વાર્ષિક વ્યાજ સાથે ની લોન<br><br>(ધોરણ ૧૨ માં ૬૦% કે તેથી વધુ હોય તેમજ વાર્ષિક આવક ૬ લાખ એ સુધી હોય તેમને મળવાપાત્ર | ધોરણ-૧૨ પછી ફક્ત **M.B.B.S**, સ્નાતક (ડિપ્લોમા પછી ડિગ્રી મેળવેલ હોય તો પણ માન્ય) થયા પછી અનુસ્નાતક તેમજ પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા અથવા અન્ય નામથી ઓળખાતા સમકક્ષ અભ્યાસક્રમ માટે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ માટે કુલ રુ. ૧૫.૦૦ લાખની વિદેશ અભ્યાસ લૉન નિગમ તરફથી આપવામા આવશે. |

| ક્રમ | યોજના નું નમ | મળતા લાભોની માહિતી |
|---|---|---|
| ૩ | બિન અનામત આયોગ હેઠળ<br>ભોજન બીલ સહાય | બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાના મેડીકલ, ડેન્ટલ, ટેકનીકલ, પેરા મેડીકલમાં અભ્યાસ કરતાં અને પોતાના પરિવારથી દુર પોતાના તાલુકામાં શૈક્ષણિક વ્યવસ્થા ન હોય અને તાલુકા બહાર રહી અભ્યાસ કરતા હોય તેવા સરકારી/ અનુદાનિત સિવાયના છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ૧૦ માસ માટે માસિક રૂા.૧૨૦૦/- લેખે ભોજનબીલ સહાય મળવાપાત્ર થશે.<br>કોઈપણ સમાજ /ટ્રસ્ટ /સંસ્થા દ્વારા સંચાલીત કન્યા છાત્રાલયોમાં રહીને **ધો. ૯થી૧૨ માં અભ્યાસ કરતી કન્યાઓને** પણ ઉપર મુજબની ફુડબીલ સહાય મળવાપાત્ર થશે. |
| ૪ | સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમસહાય<br>લાયકાતના ધોરણો : ધો-૧૨ માં ૬૦ ટકા કે તેથી વધુ.<br><br>આવકમર્યાદા : કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા.૪.૫૦ લાખ કે તેથી ઓછી. | બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને યુ.પી.એસ.સી(U.P.S.C), જી.પી.એસ.સી (G.P.S.C.)વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩, ગૌણ સેવા પસંદગી મંડળ,પંચાયત સેવા પસંદગી મંડળ તથા ભારત સરકારના રેલ્વે, બેંકો વગેરેમાં થતી ભરતી પરીક્ષાઓ માટે માન્યતા/પસંદ થયેલી સંસ્થામાં તાલીમ મેળવતા વિદ્યાર્થીઓને વિદ્યાર્થીદીઠ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચુકવવાની થતી ફી એ બે માંથી જે ઓછી હોય તે સીધી સહાય (ડી.બી.ટી.) તરીકે મળવા પાત્ર થશે. |
| | | |

| ક્રમ | યોજના નું નમ | મળતા લાભોની માહિતી |
|---|---|---|
| ૫ | બિન અનામત આયોગ હેઠળ<br>કોચીંગ સહાય<br><br>લાયકાતના ધોરણો : ધો–૧૦ માં ૭૦ ટકા કે તેથી વધુ.<br>આવક મર્યાદા : કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા.૪.૫૦ લાખ કે તેથી ઓછી. | ટ્યુશન સહાયની યોજનામાં શાળા / કોલેજમાં ભરેલ શિક્ષણ કે ટ્યુશન ફી મળવાપાત્ર નથી. શાળા કોલેજ સિવાય બહાર વધારાનુ ટયુશન લેવામાં આવે તે અન્વયેની રકમ સહાય તરીકે મળવા પાત્ર થાય છે.<br><br>બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને ધોરણ–૧૦માં ૭૦ ટકા મેળવેલ હોય અને ધોરણ–૧૧,૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં હોય તેવા વિદ્યાર્થીઓને પ્રતિ વર્ષ વાર્ષિક રૂા.૧૫,૦૦૦/– ટયુશન પ્રોત્સાહક સહાય આપવામાં આવશે.<br><br>દરેક વર્ષમાં માત્ર એક જ વાર સહાય મળવાપાત્ર થશે. |
| ૬ | જી(JEE), ગુજકેટ(GUJCET), નીટ(NEET) પરીક્ષા માટે કોચીંગ સહાય.<br><br>ધો–૧૦ માં ૭૦ ટકા કે તેથી વધુ માર્કસ મેળવેલ હોવા જોઈએ.<br><br>કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા.૪.૫૦ લાખ કે તેથી ઓછી. | બિન અનામત વર્ગના ધોરણ–૧૨ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને ધોરણ–૧૨ પછી મેડીકલ, એન્જીનિયરીંગમાં પ્રવેશ ની જરૂરી પરીક્ષાઓ જેવી કે<br>જી(JEE),ગુજકેટ, નીટ ની તૈયારી ના કોચિંગ માટે, ધોરણ–૧૦માં ૭૦ ટકા હોય તેવા વિદ્યાર્થીઓ ને ત્રણ વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતી સંસ્થાઓમાં કોચીંગ મેળવતા<br>ધોરણ–૧૧ અને ધોરણ–૧૨ નાં વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૨૦,૦૦૦/– અથવા ખરેખર ફી એ બે પૈકી જે ઓછી હોય તે સીધી સહાય (ડી.બી.ટી.) તરીકે મળવા પાત્ર થશે. |
| | | |

- ઉક્ત બીન અનામત ના દાખલા માટે આવકની કોઈ મર્યાદા નથી તેમજ દાખલો કઢાવવા માટે આપ શહેરી વિસ્તારમાં મામલતદાર કચેરી અથવા જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિકસતી જાતી) ની કચેરી તેમજ ગ્રામ્ય વિસ્તાર માં આપ ગ્રામ પંચાયત અથવા તાલુકા પંચાયતનો સંપર્ક કરી શક્સો.

## જરૂરી ડોક્યુમેન્ટ ની યાદી :

અરજદાર નું આધાર કાર્ડ , લીવીંગ સર્ટીફીકેટ તેમજ તેમના પિતાશ્રી નું લીવીંગ સર્ટીફીકેટ , પાસપોર્ટ સાઈઝ ફોટા – ૨ , પરમીટ અને આ બાબતે આપ ઓન–લાઈન પણ **DIGITALGUJARAT.GOV.IN** પર પણ ઓન– લાઈન અરજી કરી જરૂરી ફી ભરી ડોક્યુમેન્ટ અપલોડ કરી ને પણ પ્રમાણપત્ર મેળવી શક્સો.

આ ઉપરાંત પ્રોફેશનલ ડોક્ટર, વકીલ, ટેકનીકલ ગ્રેજ્યુએટ માટે તેમજ રેકડીવાળા , દુકાન વાળા કે અન્ય વેપારીઓને પણ ૧૫ લાખની મર્યાદામાં લોન બિનઅનામત આયોગ દ્વારા નિયમો મુજબ આપવામાં આવે છે જે બાબતે આપ **WWW.GUEEDC.GUJARAT.GOV.IN** પર માહિતી મેળવી શક્સો તેમજ જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી વિકસતી જાતી ની કચેરીએ પણ સંપર્ક કરી શકશો.

| | | |
|---|---|---|
| ૧ | **PM Young Achievers Scholarship Award Scheme for Vibrant India (YASASVI)** | કેન્દ્ર સરકાર તેમજ ગુજરાત સરકાર દ્વારા ધોરણ ૯ થી ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ ને દર માસ ના ૪૦૦૦/– રૂપિયા લેખે સ્કોલરશીપ આપવામાં આવે છે તેમજ આના માટે વિભાગ દ્વારા પરીક્ષા લઈ અને એમાં જો મેરીટ માં આવતા હોય તો તેમને લાભ મળે. |

- ઉક્ત સ્કોલરશીપ મેળવવા માટે આપની વાર્ષિક આવકની મર્યાદા ૨,૫૦,૦૦૦/– થી વધુ ન હોવી જોઈએ.

- ઉક્ત સ્કોલરશીપ મેળવવા માટે આપે **www.digitalgujarat.gov.in** પર અરજી કરવાની રહેશે અને તેમાં જરૂરી ડોક્યુમેન્ટ ની યાદી પણ ઉક્ત વેબસાઈટમાંથી મળી રહેશે.

- ગુજરાત સરકારશ્રી તેમજ કેન્દ્ર સરકારશ્રી દ્વારા જનરલ કેટેગરી ને જેમની આવક ૮ લાખ થી ઓછી છે તેમને આર્થિક રીતે પછાત તરીકે ૧૦% અનામતની કેટેગરીમાં જાહેર કરવામાં આવેલ છે.

  ઉક્ત સર્ટીફીકેટ વિદ્યાર્થીઓને કોઈ પણ ધોરણ ૧૦ પછી ના ડીપ્લોમાં , ડીગ્રી તેમજ **Post Graduation** એડમીશનમાં તેમજ ગુજરાત સરકાર તેમજ કેન્દ્ર સરકારની સરકારી નોકરી માં ૧૦% **Reservation** ની સગવડ પૂરી પાડે છે.

# આર્થિક રીતે પછાતનું પ્રમાણપત્ર (EWS)

- અભ્યાસ તેમજ નોકરી માટે સરકારશ્રી દ્વારા જનરલ કેટેગરી માટે આર્થિક રીતે પછાત એટલે કે **EWS** માટે નું ૧૦% આરક્ષણ માટેની યોજના અમલમાં મુકેલ છે. જેનાથી ધોરણ ૧૦ બાદ ડીપ્લોમાં થી માંડીને ડોક્ટર સુધીના એડમિશનમાં લાભ મળે છે.

- પાત્રતા :– આવક મર્યાદા ૦૮.૦૦ લાખ સુધી

- જરૂરી ડોક્યુમેન્ટ :– આધાર કાર્ડ (વિદ્યાર્થી / વાલીનું ), આવકનો દાખલો, જાતિનો દાખલો,બેન્કની પાસબુક (વિદ્યાર્થી / વાલીનું ), વિદ્યાર્થીનો ફોટો, વિદ્યાર્થીનો જન્મ તારીખનો દાખલો, ઈન્કમટેક્ષ રીટર્ન, ૫૦/- રૂપિયા ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંધનામું , લીવીંગ સર્ટીફીકેટ (વિદ્યાર્થીનું તેમજ વાલીનું)

- વધુ માહિતી માટે :– www.digitalgujarat.gov.in પર માહિતી મેળવી શકાય છે તેમજ અરજી પણ ઓનલાઈન કરી શકાય છે ઉક્ત યોજના માટે જે પ્રમાણપત્ર આપવામાં આવે છે તેમાં કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર બન્નેના પ્રમાણપત્રો અલગ અલગ હોય છે જેની સર્વે એ નોંધ લેવી .

# રઘુવંશી સમાજ માટે ગુજરાત સરકારશ્રી દ્વારા
# આરોગ્ય
# માટે આપવામાં આવતી યોજનાકીય સહાયોની માહિતી

# શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ બાળકોને મળતા આરોગ્યના લાભો

- ગુજરાત સરકાર ના આરોગ્ય વિભાગ દ્વારા ૧ થી ૧૮ વર્ષ ના બાળકો ને સરકાર દ્વારા ફ્રી ચેક અપ ની સુવિધા આપવામાં આવે છે તેમજ જે બાળકો ગંભીર બીમારીથી પીડાતા હોય તેમનો તમામ સરકારી હોસ્પિટલ માં થનાર ખર્ચ સરકાર દ્વારા ભોગવવામાં આવે છે.

- ઉક્ત યોજનાનો લાભ લેવા માટે જયારે પણ સરકાર ની આરોગ્યની ટીમ સ્કુલમાં શાળા આરોગ્ય યોજના હેઠળ ચેક અપ માટે આવે ત્યારે આપના બાળકને એક સંદર્ભ કાર્ડ આપવામાં આવે છે.

- જયારે પણ બાળક ને ગંભીર બીમારી જેવી કે કેન્સર, હાર્ટ ની બીમારી કે અન્ય કોઈ ગંભીર બીમારી હોય એવા સમયે ઉક્ત સંદર્ભ કાર્ડ ખુબ જ ઉપયોગી બને છે અને ઘણા કિસ્સામાં સરકાર શ્રી દ્વારા એમની જ્યાં સુધી Treatment પૂરી ન થાય અથવા તો બાળક ને ૧૮ વર્ષ ન થયા હોય ત્યાં સુધી ઉક્ત લાભ આપવામાં આવે છે.
- ગંભીર બીમારી વખતે શાળા દ્વારા આપેલ સંદર્ભ કાર્ડ ના આધાર પર આપે સરકારી હોસ્પિટલ માં RBSK હેઠળ નિયુક્ત થયેલ શાળા આરોગ્ય ના ડોક્ટરશ્રી નો સંપર્ક કરી આગળ ની કાર્યવાહી કરવાની રહેશે તેમજ આ માટે આપે જીલ્લા પંચાયત આરોગ્ય શાખા સાથે સંકલન માં રહી ને જરૂરી કાગળો ની કાર્યવાહી કરવાની રહેશે.
- ઉક્ત યોજના ફક્ત અને ફક્ત સરકારી હોસ્પિટલ માં જ લાગુ પડતી હોય આ બાબતે કોઈ પ્રાઈવેટ હોસ્પિટલ માટે સરકાર દ્વારા સંદર્ભ કાર્ડ કાઢી આપવામાં આવતા નથી જેની સર્વે એ તકેદારી રાખવી




# આયુષ્યમાન કાર્ડ યોજના

- ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા જેમની આવક ની મર્યાદા ૪ લાખ સુધીની છે તેમને પહેલા જે યોજના હતી તેને મુખ્યમંત્રી અમૃતમ યોજના હેઠળ ચાલુ કરવામાં આવેલ હતી હાલ તેને કેન્દ્ર સરકારની આયુષ્યમાન કાર્ડ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે.

- ગંભીર બીમારી ના કેશો માં સરકારશ્રી દ્વારા આશરે ૧૦ લાખ સુધીની સહાય પરિવાર દીઠ મળે છે.

- તમામ રોગો ને સરકારશ્રી દ્વારા નિયત પેકેજ ના સ્વરૂપ માં નક્કી કરેલ છે જેમાં એટલી રકમ આપવામાં આવેલ કાર્ડ થી KYC મારફત બાદ કરવામાં આવે છે અને દર્દી નું નિદાન કરવામાં આવે છે તેમજ દર્દી ને જયારે રજા આપવામાં આવે ત્યારે ૩૦૦/– રૂપિયા Transportation Cost ના સ્વરૂપમાં પણ આપવામાં આવે છે.

- આયુષ્યમાન કાર્ડ માટે જરૂરી ડોક્યુમેન્ટ

  આવકનો દાખલો, રેશન કાર્ડ , રેશન કાર્ડ માં તમામ ફેમીલી મેમ્બરો ના આધાર કાર્ડ .

- ઉક્ત ડોક્યુમેન્ટ ને સાથે રાખી સરકારી હોસ્પિટલ ખાતે આવેલ AAYUSHMAN CARD Kiosk માં જઈ ને ઉક્ત કાર્ડ આરોગ્ય વિભાગ ની યોજના અંતર્ગત કાઢી આપવામાં આવે છે.

- ઉક્ત કાર્ડ કઈ કઈ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં ચાલશે તેનું સંપૂર્ણ લીસ્ટ https://hospitals.pmjay.gov.in/Search/ માંથી મેળવી શકસો.

# મફત તબીબી સહાય

- ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા જે દર્દી ને કેન્સર તથા ટી.બી. તથા HIV અને રક્તપિત અને પાડુંરોગ ના કેશ માં ૧૦૦૦ થી લઈ ને ૧૫૦૦ રૂપિયા સુધી ની આર્થીક સહાય દર માસે આપવામાં આવે છે.
- ગંભીર બીમારી ના કેશો દર્દી દ્વારા તેમની જે ફાઈલ ચાલુ હોય તેના ડોક્યુમેન્ટ સાથે રાખી ૫૦,૦૦૦ ની આવક મર્યાદા વાળા નો આવક નો દાખલો કઢાવવો પડે છે.
- આવક નો દાખલો તેમજ આધાર કાર્ડ અને બેંક ની પાસબુકને લઈ જીલ્લા પંચાયત માં આવેલ આરોગ્ય વિભાગ માં ઉક્ત ફોર્મ ભરવામાં આવે છે.
- તમામ ડોક્યુમેન્ટની ચકાસણી કરી અરજી કર્યાના ત્રીજા માસ થી જ દર માસે તેમને આર્થિક સહાય તેમના બેંક ના ખાતામાં આપવામાં આવે છે. જે તે દર્દી જીવે ત્યાં સુધી આપવામાં આવે છે.
- આ માટે જે તે જીલ્લા ની જીલ્લા પંચાયત ની આરોગ્ય શાખા નો સંપર્ક કરી કાર્યવાહી કરી શકાય છે .
- અને આ યોજના ની સાથે સાથે તેમને સરકારી હોસ્પિટલ માં જો સારવાર ચાલતી હોય તો તેમને મફત ટ્રેનની સારવાર પણ સહાય મળે છે.

# અકસ્માત યોજના હેઠળ તબીબી સહાય

- ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા જે દર્દીઓ નું એકસીડન્ટ થયું છે તો તેમના માટે ઉક્ત યોજના હેઠળ ૫૦,૦૦૦/– સુધી ની સારવાર વિના મુલ્યે કરવામાં આવે છે.

- હાલ માં છેલ્લા ૪ વર્ષ થી આ યોજના ખાનગી હોસ્પિટલો કે જે ઉક્ત યોજના સાથે સલગ્ન છે તેમની હોસ્પિટલો માં જરૂરી પોલીસ ફરિયાદ ની કાર્યવાહી બાદ તેમને ૫૦,૦૦૦/– સુધી ની મર્યાદામાં જરૂરી મેડીકલ કાર્યવાહી તેમજ જો ઓપરેશન ની જરૂર પડે તો તે પણ કરી આપવામાં આવે છે.

- ઉક્ત યોજનામાં જો દર્દી નું એકસીડન્ટ થયા ના ૭૨ કલાક ની અંદર સારવાર લેવામાં આવે તો જ ઉક્ત સ્કીમનો લાભ મળવાપાત્ર છે.

# સી.એમ . રીલીફ ફંડ

- ગુજરાત સરકારના રેવન્યુ ડીપાર્ટમેન્ટ હેઠળ જે દર્દીઓ ને કેન્સર, હાર્ટ સર્જરી તેમજ અન્ય ભયંકર બીમારીઓ ના કિસ્સામાં લાગુ પડશે.

- ઉક્ત યોજના માં જે પેકેજ આયુષ્યમાન કાર્ડ યોજના માં લાગુ પડતું નથી તેવા દર્દીઓ રેવન્યુ ડીપાર્ટમેન્ટ માં અરજી કરી ને આશરે ૧૫ લાખ સુધી ની સહાય મેળવી શક્સે.

- આ યોજના માટે જરૂરી તમામ મેડીકલ ના સાધનિક કાગળો તેમજ જે તે હોસ્પિટલ ની થનાર ખર્ચ ની સંપૂર્ણ માહિતી તેમજ આવક નો દાખલો , આધાર કાર્ડ જોડી વિસ્તારના ધારાસભ્યશ્રી તેમજ સંસદસભ્યશ્રી ની ભલામણ ના આધારે અરજી કલેકટર કચેરી માં કરવાની રહેશે.

- ઉક્ત યોજના માં સરકારશ્રી દ્વારા સંપૂર્ણ ખરાઈ કરી અને દર્દીઓને જે તે હોસ્પિટલ ના નામ નો ચેક અથવા તો DBT ના માધ્યમથી એમને મંજુર થયેલ રકમ સરકારી હોસ્પિટલના એકાઉન્ટ માં ટ્રાન્સફર કરવામાં આવે છે.

- ઘણા કિસ્સામાં જ્યાં ગુજરાત માં Treatment ના મળતી હોય એવા કેશો માં પણ સરકાર દ્વારા સંપૂર્ણ તપાસ કરી ને જરૂરી સહાય બીજા રાજ્યો ની હોસ્પિટલ માટે કરવામાં આવે છે.

- આ યોજના ફક્ત સરકારી હોસ્પિટલ માં Treatment ચાલતી હોય ત્યાં જ લાગુ પડશે.



# જય જલારામ
# જય રઘુવંશ

